# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-07-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM- બ્રિકસ શિખર પરિષદ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં બ્રિકસ શિખર પરિષદમાં ભાગ લઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ બ્રિક્સ સંમેલનના આયોજન બદલ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાશિયો લુલા દા સિલ્વાનો આભાર માન્યો. પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે આર્થિક સહયોગ અને વૈશ્વિક ભલાઇ માટે મહત્વનો મંચ છે.

બે દિવસ ચાલનારા સંમેલનની 17મી આવૃત્તિમાં વૈશ્વિક શાસન સુધારા, આબોહવા પરિવર્તનના પડકારો, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિત અન્ય મુદ્દાઓ પર ચર્ચા થશે. પ્રધાનમંત્રી સંમેલન દરમિયાન અન્ય નેતાઓ સાથે અલગથી દ્વિપક્ષીય બેઠકો કરે તેવી શક્યતા છે. અગાઉ બ્રાઝિલમાં રહેતા ભારતીય મૂળના લોકોએ પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું.

બ્રિક્સ શિખર સંમેલન પછી પ્રધાનમંત્રી બ્રાઝિલિયાની મુલાકાતે જશે. લગભગ છ દાયકામાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીની આ પ્રથમ મુલાકાત હશે. તેઓ બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને ગાઢ બનાવવા માટે બ્રાઝિલના રાષ્ટ્રપતિ સાથે બેઠક કરશે.

---------------------------------------------------------------------------------------------

## અમિત શાહ-સહકાર સંમેલન:

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકારી આગેવાનોને પારદર્શકતા, ટેકનોલોજી અને સભાસદોના હિતને કેન્દ્રમાં રાખવા અનુરોધ કર્યો. સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિતે આણંદમાં યોજાયેલા સહકાર સંમેલનમાં શ્રી શાહે કહ્યું, દેશના આર્થિક વિકાસમાં સહકારી

મંડળીઓનું મહત્વનું યોગદાન છે. અમૂલ ડેરીના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરતા શ્રી શાહે સહકારી પ્રવૃત્તિને પાંચ 'P' સાથે દેશવ્યાપી વિસ્તારવાનું આહવાન કર્યું.

અગરિઓને સહકારી પ્રવૃત્તિમાં જોડવાના હેતુથી કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીની શરૂઆત થઈ છે. GCMMFના વાઇસ ચેરમેન અને કચ્છ સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલને આ સંસ્થાની જવાબદારી સોંપાઈ છે. ત્યારે શ્રી શાહે કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીનું નોંધણી પત્ર એનાયત કર્યું હતું.

શ્રી શાહે ઉમેર્યું આજે દેશમાં 8 લાખ 40 હજારથી વધુ મંડળીમાં 31 કરોડ સભાસદો જોડાયેલા છે. રાજ્યમાં 36 લાખ મહિલાઓ પશુપાલન થકી દૂધ ઉત્પાદન કરે છે.

કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ઈ-કો-ઓપરેટિવ પોર્ટલ દ્વારા મંડળીઓની નોંધણી, ઓડિટ અને રિપોર્ટિંગ ઓનલાઈન કર્યું છે, જેનાથી પારદર્શકતા અને કાર્યક્ષમતામાં વધારો થયો છે.

---

## રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા:

છેલ્લા એક દાયકામાં ભારતીય અર્થતંત્રનું કદ ત્રણ ગણું વધ્યું છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ પ્રસિદ્ધ કરેલા આંકડા છેલ્લા દાયકામાં, ભારતનું અર્થતંત્ર 106.57 લાખ કરોડ રૂપિયાથી વધીને વર્ષ 2024–25માં 331 લાખ કરોડ રૂપિયા થયું છે. ગયા વર્ષમાં ભારતની જીડીપીમાં 6.5 ટકાનો વૃધ્ધિ દર નોંધાયો હતો. ભારતીય રિઝર્વ બેંકે 2025-26માં પણ આ જ દરે જીડીપી વૃદ્ધિનો આશાવાદ વ્યકત કર્યો છે.

---

## કંડલા જહાજમાં આગ:

કંડલા બંદર ઉપર કેમિકલ ખાલી કરી જઈ રહેલાં જહાજમાં તુણા ઓટીબી પાસે કોઈ કારણોસર આગ લાગી હોવાના પગલે દોડધામ મચી હતી. અલબત્ત આ બનાવમાં જાનહાનિ ટળી હતી. મળેલી વિગતો અનુસાર કંડલા પોર્ટની જેટી નં.2 ઉપર ગઈકાલે રસાયણ ખાલી કરીને આ જહાજ રવાના થયું હતું, ત્યારે તુણા ઓ.ટી.બી. પાસે આ જહાજમાં કોઈ પ્રકારે

વિસ્ફોટ થયો હતો, જેના કારણે જહાજના આગળના ભાગમાં નુકસાન થયું હતું તેમજ જહાજ એક બાજુ નમી ગયું હતું. ત્યારબાદ મેરીટાઈમ રિસપોન્સ કો-ઓર્ડિનેશન સેન્ટર તથા કોસ્ટગાર્ડ સહિતની ટીમ બચાવ કામગીરીમાં જાડાઈ હતી. આ બનાવમાં જહાજમાં રહેલા 21 જેટલા ક્રૂ સભ્યને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

---

## ક્રિકેટ:

ભારતીય ક્રિકેટ ટીમે બર્મિંગહામના એજબેસ્ટન ગ્રાઉન્ડ પર રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ઇંગ્લેન્ડને 336 રનથી હરાવ્યું છે. આ સાથે, પાંચ મેચની સિરીઝ 1-1 થી બરાબર થઈ ગઈ છે.

608 રનના લક્ષ્યાંકની સામે ઇંગ્લેન્ડની ટીમ મેચના છેલ્લા દિવસે 271 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ઇંગ્લેન્ડની ધરતી પર રનની દ્રષ્ટિએ આ ભારતની અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. અગાઉનો રેકોર્ડ 279 રનથી જીતનો હતો. ભારતે 1986માં લીડ્સમાં ઇંગ્લિશ ટીમ સામે આ માર્જિનથી જીત મેળવી હતી. ઉપરાંત, ભારતે 58 વર્ષમાં બર્મિંગહામમાં પોતાનો પહેલો વિજય મેળવ્યો છે.

---

## વરસાદ:

સમગ્ર જિલ્લામાં અવિરત વરસાદથી ભુજ અંજાર, ગાંધીધામ, રાપર,ભચાઉ,બન્ની સહિતના અનેક વિસ્તારોમાં મધ્યમથી ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર તળો નદીઓમાં જળ સ્તર વધ્યુ છે. માર્ગ વાહનવ્યવહાર પર પણ અસર પડી છે. જિલ્લામાં સારા વરસાદને પગલે ખેતી અનુકુળ વાતાવરણ સર્જાયુ છે, અને ખેડુતો આશાવાદી બન્યા છે. ગઈ મોડી સાંજથી જિલ્લા મથક ભુજમાં અવિરત વરસાદ ચાલુ છે, જે અત્યારે પણ ધીમીધાર ચાલુ છે. આ ઉપરાંત ભુજ તાલુકાના દેશલપર, વાંઢાય,માનકુવા ઉપરાંત નખત્રાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક ઝરમર વરસાદી ઝપટા થયા હતા.

---